ફઅતબેરૂ યા ઉલિલ અબસાર

હે બારીકીથી જોનારાઓ! (આ ઉપરથી) ધડો લેશો.

શીઆ પંથના હુમલાઓનો

નમૂનો.

1925 16-2-1925

મુંબઇ ઇલાકામા સુન્નત જમાઅત મુસલમાનોની ગફલતનો લાભ લઇ શીઆ પંથવાળા પોતાના "ચૌદમી સદી", "અહારે મજાલિસ" વિગેરે પ્રખ્યાત ચોપાનિયાઓમા જનાબે રસૂલે અકરમ સલ લલ્લાહો અલયહે વ આલિહી વ સલ્લમ અને અસહાબો રદીયલ્લાહો અન્હુમ અજમઇનની મહાન વ્યક્તિ પર પોતે મુસલેમીન અને મોમિનીન હોવાનો દાવો રાખી કેવા નાલાયક હુમલાઓ કરે છે તેનો એક નમૂનો જાહેર કરી' અને એવા હુમલાઓનો દતનોડ ઉત્તર આપી મુંબઇની અન્જુમને અહલે સુન્નત જમાઅતના સેક્રેટરી જનાબ અલી મોહમ્મદ સાહેબે કાતરાની સૈયદ-અલી અકબર જાહેરી પાસે ભાષાંતર કરાવી પોતાની અન્જુમન મજકૂરે તરફથી છપાવી પ્રગટ કરી સુન્નત જમાઅત મુસલમાનોની ગફલત દૂર કરવાની અને આયંદા તેઓના હુમલાઓને, આવાજ દંદાનશિકન ઉત્તરોથી રદ કરવાની ભલામણ કીધી છે

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

માહે જુમાદિલ ઉખ્રા ૧૩૪૩ હિજરી

બનામે ખોદાએ રહમાનો રહીમ

વ સલાતો સલામ બર નબી વ બર જમીએ આલો અસહાબે નબીયે કરીમ અફ્ઝલે સલવાત વ તસલીમ.

ઇસ્લામી ભાઇયોની સેવામા ઘણીજ અતર લાગણી સાથે અરજ ગુજારવામા આવે છે કે આજકાલ હિંદુસ્તાનમા મુસલમાનો માટે ભારેમા ભારે અજમાયશનો વખત આવી લાગ્યો છે. ખોદાપાક પોતાની ખાસ કૃપાથી જનાબ નબીયે કરીમ (સ૦ અ૦ સ૦)ના તુફૈલથી હમો સૌને એ પરીક્ષામા પોતાના દીનપર મજબૂતીથી કાયમ રાખી ઇલાહી દીનના હિમાયતી રેહવાની સારી બુદ્ધિ આપે (આમીન)

જેવી રીતે શુદ્ધિની ફિતુરી ચળવળે આરંભ કીધો છે, આબેહૂબ તેવીજ રીતે બલ્કે તેના કરતાએ વધારે જોશભેર હમણાં શિઆ બનાવી કાઢવાની ફિતુરી ચળવળ હિંદુસ્તાનના દરેક ઇલાકામા પ્રસરી રહી છે.

શિઆપંથીઓ તરફથી હાલના સમયમા સૌથી મોટી કોશિશ એ વાતની થઇ રહેલી છે કે ઇસ્લામી પાક દીનને દુન્યાની સપાટીપરથી તદન નાબૂદ કરી દેવામા આવે લગભગ પચ્ચીસ ત્રીસ વર્તમાન પત્રો અને ચોપાનિયાઓ અમુક અમુક મુદ્દતે તેઓના તરફથી પ્રગટ કરવામા આવે છે, જેમાં કેટલાક અઠવાડિક છે, જેવાકે " અખબારે ઇસ્ના અશરી " દિલ્હીથી, "દુર્રે નજફ" સિયાલકોટથી, અને "ઝુલફુકાર" લાહોરથી. અને કેટલાક માસિક ચોપાનિયા છે જેવાકે રિસાલએ " ઈસલાહ "

બજવાથી, " અન્નાસિર " અને " અશ્શહિદ " આગ્રેથી, " ચૌદમી સદી " મુંબઇથી અને " નૂરે હિદાયત " કાઠિ-યાવાડથી પ્રગટ થાય છે.

મુકરર મુદતે પ્રગટ થનારા ચોપાનિયા અને વર્ત્તમાન પત્રો ઉપરાત નાના અને મોટા ટ્રેકટો વખતો વખત તેઓ તરફથી છપાઇ બહાર પડે છે અને તે સઘળાઓનુ કામ માત્ર એજ હોય છે કે સુન્નત જમાતના ખરા મઝહબપર ખોટા હુમલાઓ કરવા (તે એવી રીતે કે) જનાબ રસૂલે ખોદા (સ૦ અ૦ સ૦)ની મહાન વ્યકિતને વાસ્તે અને આપ (સ૦ અ૦ સ૦)ના મહાન સહાબા (રદી૦)ની શાને આલીને માટે અપમાન ભરેલા શબ્દો વાપરીને (સુન્ની) મુસલમાનોની લાગણી દુખવવી અને તેઓ સાહેબોની ઉપર ખોટા આક્ષેપો મૂકીને (હકીકતથી) અજાણ મુસલમાનોને ગુમરાહ કરવા

જે કોઇ ઠેકાણે બેચાર પણ શિઆપથીઓ હોય છે ત્યા તેઓની એક અજુમન (સોસાયટી) જરૂર કાયમ કીધેલી હોય છે. તે અજુમનનો (ખરો) હેતુ માત્ર એજ હોય છે કે આપણા (અહલે સુનત વલ જમાઅતના) અજાણ ભાઇયોને પટાવી ભમાવી પોતાના (શીઆ) પથમા શામેલ કરી લેવા એજ હેતુને પારપાડવા ઘણાજ મોટા પાયાપર એ લોકોના બે મીશનો ચાલુ છે એક લખનૌ શહેરમા અને બીજું લાહોર શહેરમા એ મીશનો તરફથી સેકડો (મોબલ્લેગીન) ધર્મ ઉપદેશકો દેશમા ફેલાવી દેવામા આવેલા છે જેઓ (ખાસ) પજાબ અને સિંધના ગામે ગામમા ફરીને આપણા નાવાકેફ ભાઇયોને ભમાવવામા લાગે-લાજ રહે છે પજાબમા ઘણી વસ્તીઓના અને સિધમા ઘણા ગામોના લોકો (તેઓની નીરતર કોશિશોનેલીધે) શીઆ પથમા દાખલ થઇ ગયા (ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન)

મજકુર બનાવો તો દેશના બીજા ભાગોના હતા, હવે ખાસ મુબઇ શહેરપર નજર નાખીએ. કોઇ મહિનો એવો પસાર થતો નથી કે જેમાં એક બે ટ્રેકટો ગુજરાતી ભાષામા શીઆ પંથીઓ

તરફથી પ્રગટ નહીં થતા હોય. અને અજાણ મુસલમાનોને ઇસ્લામી દીનથી ફેરવવાની કોશિશ નહીં કરવામાં આવતી હોય. શીઆઓ તરફથી જાહેર ખબર બહાર પાડવામાં આવી છે કે આજ વર્ષમાં ઑલ ઈન્ડીઆ શીઆ કોન્ફરન્સનો અઢારમો જલ્સો પણ મુંબઇમા થશે.

એ હાલતોને જોઇ અને જનાબ રસૂલુલ્લાહ (સ૦ અ૦ સ૦)ના નીચે પ્રમાણે ફર્માવેલા હુકમ પ્રમાણે ચાલીને કે "જ્યારે (આપ સ૦ અ૦ સ૦)ના સહાબીઓની બદગોઇ કરવામા આવે ત્યારે દીની જ્ઞાન ધરાવનારાઓપર વાજિબ છે કે તેઓ પોતાના જ્ઞાનને (શંકાની બાબતોનુ સમાધાન કરવાને) પ્રગટ કરે, અને જે (વિદ્વાન) માણસ એમ નહીં કરશે, તેના પર પૂરી શરીઅતને સંતાડવાનો ગુન્હો લાગુ પડશે". ઇસ્લામ માટે ખરી લાગણી ધરાવનારા સાહેબોએ મુંબઇ શહેરમા અહલે સુનત વ જમાઅતની એક અંજુમન કાયમ કરી દીધી છે

મુંબઇ શહેરમાં અહલે સુનત વ જમાઅતના અંજુમનની સ્થાપ્ના થઇ ચુકી.

મુંબઇ શહેરની સૌથી ધાર્મીક અને પવિત્ર જગ્યા જુમા મસીદમા કેટલાક ધાર્મીક અને હક્કાની આલિમોની હાજરીમાં હઝરત મૌલાના મૌલવી મોહમદ અબ્દુલ મુનઇમ સાહેબ બાકઆના પ્રમુખપણા હેઠળ કે જેઓ મજકુર મસીદના ખતીબ છે એક નાનો જલ્સો તા. ૧૮ મી મોહર્રમ ૧૩૪૩ હિ૦ બુધવારે ઇશાની નમઝ પઢીને ભેગો મળ્યો હતો અને તે જલ્સામા મજકુર અંજુમનની સ્થાપ્ના થઇ ખોદા પાક એ અંજુમનને હમેશા કાયમ દાયમ રાખે અને પોતાના પાક દીનની સેવાનુ તેને સાહિત્ય ઠેરવે આમીન મજકુર અંજુમનનુ નામ અંજુમને અહલે સુનત વ જમાઅત મુંબઈ રાખવામા આવ્યુ

મજકુર અંજુમનનો હેતુ ઇસ્લામી દીન અને સુનત વ જમાઅતના મઝહબની હિમાયત અને રક્ષા કરવાનો છે

મજકુર અંજુમને ભાષણો અને લખાણો વડે પોતાના અજાણ ભાઇયોને અહલે સુંનત વ જમાઅતના મઝહબથી અને મઝહબની દલીલોથી જાણીતા બનાવવાની કોશિશ કરશે વખતો વખત અંજુમન મજકુર તરફથી વઅઝ અને મઝહબ તથા દીનના પ્રચારને અર્થે જલ્સાઓ કરવામા આવશે અને જરૂર જોગા ઉર્દુ ભાષામા અને ગુજરાતી ભાષામા ટૂંકટો પણ પ્રગટ કરવામા આવશે

અંજુમન મજકુર તેના વિરૂધ્ધ પક્ષના ઉત્તરો ઘણાજ સભ્ય શબ્દોમા હંમેશ વાળશે લાગણી દુખાવનારા અને ધિક્કાર પાત્ર કામો થકી હંમેશ દુર રહેશે તે એટલેસુધી કે ગાળોનો જવાબ અપશબ્દોમા વાળવો એ પણ તે પોતાને માટે જાએઝ રાખશે નહી

અંજુમન મજકુર, તે પોલિટિકલ કામો સાથે જરાપણ લાગવગ રાખશે નહીં કે જે કામોનો સબંધ સીધીરીતે મઝહબની સાથે હશે નહી અંજુમન મજકુર સુનત વ જમાઅતમા પોતપોતામા જે બાબતો માટે મતભેદ છે તેમા લગારે ભાગલેશે નહીં અંજુમન મજકુરના પ્રમુખ હંમેશ એક દીનચુસ્ત આલિમ થતા રહેશે કે જેઓ સુન્ની હનફી હશે

મુંબઇ શહેરના અને તેની આજુબાજુના સઘળા સુંનત વ જમાઅત ભાઇયો મજકુર અંજુમનના મેંબર થઇ શકે છે મેંબર થવાની માસિક ફીસ ૦I ચારઆના છે અંજુમનનુ કાર્યક્રમ (દસ્તૂરૂલ અમલ) જેમા તેના કાયદા કાનૂનો લખેલા હશે તે ઇન્શા અલ્લાહ ઘણીજ ટુંક મુદ્દતમા છપાઇ બહાર પડશે

મજકુર અંજુમને અહલે સુનત વ જમાઅતનો આ પહેલો રિસાલો (ચોપાન્યુ) છે જે આપના હાથમા છે એ પછી ઇન્શા અલ્લાહો તઆલા ઘણાજ ફાયદાકારક અગત્યના લખાણોનો એક સિલસિલો કાયમ થશે હાલ તરત આ ચોપાન્યામા અમારા (સુની) ભાઇયોને શીઆઓના હુમલાઓનો એક નમુનો દેખાડવાને વાસ્તે તેઓના ચોપાન્યા "ચૌદમી સદી" અને "બહારે મજાલિસ"ના કેટલાક ચુંટી કાઢેલા લખાણો તેઓના (ખુલ્લા અને

સંતોષકારક) જવાબો સાથે નીચે લખીએ છીએ. ખુદાને વાસ્તે, ઓ અમાસ સુન્ની ભાઇયો પોતાની ગફલતની ઉંઘમાંથી તમે જાગૃત થાઓ અને ઇમાની લાગણીથી કામ કરવા મંડી જાઓ.

"ચૌદમી સદી"ના લખાણમાંથી ચુંટેલા ફકરાઓ.

હઝરત રસૂલે ખુદા (સ૦ અ૦ સ૦)ની મોબારક ઝાત પર એક પારકી ઓરતની સાથે ખરાબ સંબંધ રાખવાનો (ખોટો શીઆ) હુમલો.

[નઉઝો બિલ્લાહ મિન્હ].

મુંબઇ શહેરથી પ્રગટ થતા એક ગુજરાતી માસીક ચોપાનીઆ ચૌદમીસદી"નાહિજરી ૧૩૪૨ના પુસ્તક રજાના ૩–૪ અંકમાં પાના ૧૫૪થી ૧૫૭ સુધી એક લખાણ પોતે અધિપતિનુ જ છે કે જેઓનું નામ જાફરઅલી ગુલામ હુસેન મિર્ઝા "અસીર" છે તેનુ મથાળું "ઇસ્લામને કલંક લગાડનાર કોણ?" વાળા ફકરાથી શરૂ થાય છે તે લખાણમા એક ઘણોજ અપવિત્ર અને અપાત્ર હુમલો જનાબ સરવરે અંબીયા (સ૦ અ૦ અ૦) પર કરવામા આવ્યો છે અને તેમાજ જાહેર કરવામા આવ્યુ છે કે મજકુર હુમલો આર્યસમાજીષ્ટોએ સુન્નત જમાત મુસલમાનોની માતબર કિતાબો જેવીકે બુખારી શરીફ વિગેરેની દલીલો લઇનેજ કીધેલો છે.[1] પછી

---

૧ શીઆ એડટર સાહેબની એવાત જો માની લઇએ કે એ વાંધો ઉઠાવનાર આર્યસમાજીષ્ટ છે તો તેઓની ફરજ હતી કે અસલ કિતાબ જેના ઉર્દુ તર્જુમા પણ છપાઇ ગયા છે તેઓ જોઇ લેતે અથવા બુખારી શરીફને સારી પેઠે જાણનાર કોઇ સુની આલેમની આગળ આ વાંધો રજુ કરી પોતાની ખાત્રી કરી તેની અસલી હાલત પ્રગટ કરી તેનુ ખંડન કરતે. કારણકે એડીટર સાહેબે તો બુખારી શરીફપર હુમલો કીધો છે પણ તે આર્યસમાજી મિત્રે તો પોતે જનાબ નબી (સ૦ અ૦ સ૦)ની આબરૂપર કલંક લગાડવા કોશીશ કીધી છે, જેઓને શીઆ એડીટર પણ (અગરજો દિલથી તો નહી પણ જાહેર દેખાડવાને) ખાતમુન્નબીયીન અને સૈયદુલ-અંબીયા તમામ નબીયોના સરદાર તો માને છે, પણ એડીટર મજકુરે તેમ, ન કરતાં પેલા કાફિરની વાતને ટેકો આપ્યો વાહરે એડીટર સાહેબ તમારૂ ઇમાન! (ભાષાંતર કર્તા)

એડીટર લખે છે કે (સુન્ની મુસલમાનોને જોઇએ કે) યાતો જનાબ રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦)ને રસૂલ માનવા છોડી દે અથવા તો સહીહ બુખારી શરીફ અને બીજી સુન્નત જમાતની (દીની) કિતાબોને ભોંયમા દાટી દે છેવટે એડિટર મજકુર એટલે દરજ્જે શૂરાપૂરા બને છે કે તેઓ લખે છે કે મે એક આખી કિતાબ એવી તૈયાર કીધી છે કે જેમા સુન્નત જમાતનીજ કિતાબોથી તે સઘળી વાતોનુ વર્ણન એકઠુ કરવામા આવ્યુ છે કે જે વાતોને લીધે ઇસ્લામ અને તેના સ્થાપક (સ૦ અ૦ સ૦)નુ ભારેમા ભારે અપમાન થાય છે તે ચોપડીને છપાવી પ્રગટ કરવા માટે મારી પાસે નાણાની પૂરતી સગવડ નથી તેથી (ખોજા કોમને જોઇએ કે તે) કોમ (મજકુર કામમા) ઘટતી મદદ કરે કે જેથી તે ચોપડી ઝટ છપાઇ પ્રગટ થઇ જાય

"**ચૌદમી સદી**"ના લખાણ મજકુર તરફ કેટલાક ગરીબ મુસલમાનોનુ ધ્યાન ખેચાયુ (અને તેઓએ મજકુર લખાણની નકલનુ ખોટારૂ પબ્લિકપર જાહેર થઇ જાય એટલા માટે પોતાનો અમૂલ્ય વખત તેમા લગાડી તેની લેખીત નકલો સુન્નત જમાત આલિમોપર ઇલાકામા ચારે તરફ મોકલી) પણ તે સઘળા કે **જેઓ વહાબડા લહાબડાઓની વાતો ફેલાવવામાં ખાસ આગળ પડતો ભાગ લઈ પોતાને મ્હાન આશિકે રસૂલ જાહેર કરવાનો ખત કરી રહેલા છે** તેઓએ બિલકુલ ચુપકીદી એખ્ત્યાર કરી લીધી હતી જાણે મજકુર ગભીર બનાવ બન્યોજ ન હોય અને તેઓએ સાભળ્યોજ નહોય

ગરીબ મુસલમાનોની બેચેની તરફ ધ્યાન દઇ મુબઇના કેટલાક લોકલ વર્તમાન પત્રોમા બે ત્રણ લખાણો એ બાબત પ્રગટ પણ થયા જેવાકે ઉર્દુ વર્તમાન પત્રો **સુલતાનુલ અખબાર** અને **શૌકતમાં** અને ગુજરાતી પત્રો **ઈન્સાફ** અને **પ્રજામિત્ર**મા પણ મજકુર પત્રોમા છપાયલા નિબધ એવાતો અપુર્ણ હતા કે અસલ જે બનાવ બન્યો હતો તેનાથી, અજાણ લોકો જો તે લખાણો જુએ તો તેઓને ખરો હુમલો કેવી રીતે કરવામા

આવ્યો છે, અને તેના રદના જવાબો શા પ્રકારે દેવામાં આવ્યા, શિઆ એડિટરના લખાણમા શું લખાયું હતું કે જેનાપર આવી નુકતેચીનીઓ કરવામા આવી, એમાંની એક પણ વાતનો પત્તો લાગતો નથી તે ગમે તેમ હોવ હવે મુંબઇવાસીઓની ફર્યાદ અમારા સુધી પહોચી છે માટે "ચૌદમી સદી"નુ તે નાલાયક અને નાપાક લખાણ જરૂર જોગુ નકલ કરીને તેના શબ્દે શબ્દનો જવાબ આપીએ છીએ કદાચ મુંબઇના અમારા સુન્નીભાઇયોને (તેને જોઇ) હજી પણ લાગણી પેદા થાય ! "ચૌદમી સદી"ના પાના ૧૫૪માથી ચુંટી કાઢેલા જરૂર જોગા વાકયો નીચે મુજબ છે કે જેમા જનાબ રસૂલે ખોદા (સ૦ અ૦ સ૦) જેવી પવિત્ર વ્યકિતપર એક પારકી સ્ત્રી સાથે અયોગ્ય સબંધ રાખવાનો અગિત હુમલો કરવામા આવ્યો છે (નઉઝો–બિલ્લાહે મિન્હ)[૨] –

---

૨ એડીટર સાહેબે મજકુર–લખાણના મથાળામા લખ્યુ છે "આ પણા પયગમ્બર અલૈહિસ સલામ પર વ્યભિચારની તોહમત" મતલબ હઝરત ઇમામ બુખારી (રહ) પર તોહમત મૂકવી છે કે તેઓએ પોતાની એવી ઉમ્દા દીની કિતાબમા પોતે મુસલમાનોના આવા માનીતા આગેવાન થઇને પોતાનાજ નબી (સ૦ અ૦ સ૦) પર વ્યભિચારની તોહમત મૂકી છે, જે ખરો ધોકો છે કારણકે જે બાબની એ હદીસ એડીટર સાહેબે નકલ કીધી છે તે બાબનુ મથાળુજ હઝરત ઇમામ બુખારીએ એવીરીતે બાંધ્યુ છે કે "તલાક દેનારના બયાનનો બાબ અને શુ પુરૂષ તલાક દેતી વખતે પોતાની પણીએત સ્ત્રીને તેણીના મ્હો દર મ્હો (રૂબરૂ) તલાક આપે ?" જે ઉપરથી સાફ જણાઇ આવે છે કે શરાહીલની દીકરી જૈની ન્યહના નિકાહ જનાબ નબી (સલ૦ અ૦ સ૦) સાથે ખુલ્લી રીતે થઇ ચૂકયા હતા ત્યારેજ આપે (સ૦ અ૦ સ૦) તેણીના મ્હો દર મ્હો તેણીને તલાક દીધી કે જે ઉપરથી આપ (સ૦ અ૦ સ૦)ની ઉમ્મતને પણ જરૂર પડતા તેમ કરવુ જાયઝ સાબેત થાય વળી મજકુર બાબની પેહલી હદીસમા ખુલ્લી રીતે વર્ણવ્યુ છે કે હઝરત ઇમામ ઔઝાઇ (રહ) એ હઝરત ઇમામ ઝોહરી (રહ)થી પૂછ્યુ કે "નબી (સ૦ અ૦ સ૦) ની કઇ બીબીએ આપ (સ૦ અ૦ સ૦)ના હાથથી અલ્લાહની પનાહ માગેલી ? ત્યારે ઝોહરી (રહ) એ જવાબ દીધો કે હઝરત ઉર્વા (રહ)એ મને

ઇસલામને કલંક લગાડનાર કોણ ?

આપણા પયગમ્બર અલૈહિસ્સલામ પર વ્યભિચારની તોહમત

"બુખારીના તલાકના પ્રકરણમા અબુ–સઇદથી[3] મનકુલ છે કે તે કહે છે કે–"એક દીવસ અમે હઝરત (સ૦)ની સાથે મદીના શહેરમાથી બહાર ફરવા નીકળ્યા, અને એક એહાતાવાળા બાગમા

ખબર દીધી કે હઝરત ઉમ્મુલ મોમિનીન આયશા (રદી૦)એ હદીસ રિવાયત કીધી છે કે બેશક જોનની દીકરી (ઓમયમા કે જેનુ બીજુ નામ અસમા પણ હતુ તેણી)ને જ્યારે રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦)ની પાસે લાવવામા આવી અને આપ (સ૦ અ૦ સ૦) તેની પાસે ગયા ત્યારે તેણીએ કહયુ કે હુ તમારી પાસે આવવાથી ખોદાની પનાહ માગુ છુ ત્યારે આપે (સ૦ અ૦ સ૦) ફર્માવ્યુ કે તે ઘણા મોટા (માલિક)થી પનાહ માગી (માટે) તુ પોતાને પીયેર ચાલી જા " જેનાપરથી સાફ જણાઇ આવે છે કે સુનત વ જમાઅતની હદીસોના સઘળા ઇમામો અને જનાબ રસૂલુલ્લાહ (સ૦ અ૦ સ૦)ની બીબીઓ (રદી૦) એકમતે જૌનીયહને આપ (સ૦ અ૦ સ૦)ની પરણીયેત બીબી માનતા હતા, તેથીકરીને પાછળ વાળાઓને તેણીના નિકાહમા શક શુબેહ કરવાની ગુન્જાશજ નથી (ભાષાતર કર્તા)

૩ શીઆ એડીટર સાહેબ ઇલમના કેવા ભડાર છે તેના પણ નમૂના અહીં દેખાડુ છુ,–(૧) તે ઓરતનુ ખરૂ નામ "જૌનીયહ" છે જેને તેઓ "જોવયના" લખે છે (૨) વિદ્વાન એડીટરે જે હદીસ લખી છે તેના રાવીનુ નામ " અબી ઓસીદ (રદી) છે, જેઓને એડીટર "અબુ સઇદ" લખે છે (૩) એડીટર લખે છે કે જોવયનાને " અમીમા બિન્તે નોઅમાન બિને શરાહીલના બગીચાની પાસેના ઘરમા ઉતારો મળ્યો" જાણે અમીમા કોઇ બીજી સ્ત્રી હતી જેનો તે બગીચો હતો તરજુમો પણ ખોટો છે કારણકે બગીચાવાળાજ ઘરમા તેણીને ઉતારી વળી "અમીમા" શબ્દ ખોટો છે ખરો શબ્દ "ઓમયમા" છે અને તે કોઇ બીજી સ્ત્રી નથી પણ તેજ જૌનીય્યાનુ બીજુ નામ છે અને તે બગીચો અને ઘર તેણીના બાપનાજ હતા જેમકે એજ હદીસ અને એની નીચેની હદીસમા ખુલ્લુ બયાન કીધેલુ છે (૪) શીઆ એડીટર સાહેબે પોતાના લખાણમા એ

પહોંચ્યા, જેનું નામ શોવાત હતું. ત્યાં બે બગીચાઓની વચમાં બેઠા. હઝરતે અમને અહિં બેસવાનું ફરમાવીને પોતે બાગની અંદર દાખલ થયા બગીચામા જોવયના (નામની એક સ્રી) બોલાવવામા આવી, તેની સાથે તેની ચાકરડી પણ (આવી) હતી. અને અમીમા બિન્તે નોમાન બીને શરાહીલના ખજુરવાળા બગીચાની પાસેના ઘરમા તેને ઉતારો મળ્યો હઝરત સ૦ તેની પાસે જઇ ફરમાવવા લાગ્યા, 'તુ મને તારો નફ્સ હીબા કરી આપ, (એટલે મેહરના પૈસા લીધા વગર મારા ઉપયોગમા આવ) જોવયનાએ કહ્યુ કે 'શુ શાહઝાદીઓ પણ પોતાનો નફ્સ કદી બાઝારીઓને હીબા કરે છે?' એથી હઝરતે તેની તરફ હાથ લબાવ્યો (એટલે ઝબરદસ્તી કરવા ચાહી) તે કહેવા લાગી, 'અઉઝોબિલ્લાહે મીન્ક–તમારાથી ખુદાની પનાહ ચાહુ છુ' [એટલે ખુદા તમારાથી બચાવે] હઝરતે ફરમાવ્યુ કે તે એવા પાસે પનાહ માગી છે જેની પાસેથી પનાહ માગવી જોઇએ અને હઝરત ત્યાથી નીકળીને અમારી પાસે આવ્યા અને ફરમાવ્યુ કે અબુસઇદ! જોવયનાને એક સફેદ કપડાની જોડી આપીને તેના મકાને પહોચાડી આવ' [નઉઝોબીલ્લાહે મિનઝાલેક] બુખારીની ઇબારતના શબ્દેશબ્દનો તરજુમો અમે ઉપર રજુ કર્યો છે

કેમ મુસ્લીમો! જે નબીની એવી શાન હોય અને જેણે પોતાના નફ્સ પર એટલો કાબુ રાખ્યો હોય કે અરબ જેવા ગરમ દેશમા ૨૫ વર્ષની વયે લગ્ન કરે, અને તે પણ ચાલીસ

હદીસનો તર્જુમો કરતી વખતે કાઉસમા, પોતાના તરફથી, જનાબ નબી (સ૦ અ૦ સ૦)ની આલી જનાબ માટે જે નાલાયક ફકરાઓ લખ્યા છે તેનો લગારે પતો બુખારી શરીફના લખાણમા નથી છતા એડીટર મજકુર લખે છે કે "બુખારીની ઇબારતના શબ્દે શબ્દનો તરજુમો અમે ઉપર રજુ કર્યો છે" વાહરે સત્યવાદિ રાજા હરિશ્ચંદ્ર તારૂ ઘેળુ સત્ય! જેના ઉપરથી શીઆઓના દીલોમા જનાબ રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦)ને માટે કેટલુ માન અને કેવુ ઇમાન છે તે સૂર્ય કરતા પણ વધારે સાફ દેખાઈ આવે છે, (ભાષાન્તર કર્તા).

વર્ષની એક વીધવા સાથે એવા મા'સુમ અને નફ્સ પર કાબુ ધરાવનારા પાક ઇન્સાનને બુખારી સાહેબ શહવત–પરસ્ત ચિતરે અને કેટલાક મુસલમાનો એ પુસ્તકના શબ્દેશબ્દને ખુદાઇ વાણી કહે ?! શરમ, અમે એ વિષે કાંઇ લખીએ એ અગાઉ એક આર્યા સાહેબે એ પર જે ટીકા કરી છે એ વાચકો સમક્ષ રજુ કરીશું

એ સાહેબ એક ચિશ્તી સાહેબને સંબોધી જણાવે છે –

"આપે હદીસ તો જોઇ લીધી મે એને ઘડી કાઢી તો નથી આ તો તમારી એવી વિશ્વાસપાત્ર કિતાબ છે જે પર (કેટલાક) મુસલમાનોને સંપુર્ણ વિશ્વાસ છે એથી વધીને કોઇ વધારે સહી કિતાબ તમારી પાસે નથી હવે હુ માફી માગીને એ હદીસ પરથી ઉત્પન્ન થતી વીગતો નીચે લખુ છુ —

જેવી રીતે અય્યાશ લોકો ઉજ્જડ અને વીરાન જગ્યાએ બેતકલ્લુફીથી એશ કરવાના વિચારથી અજનબી સ્ત્રીઓને લાલચ રિશ્વત આપીને બોલાવે છે એજ વર્તન જોવયના સાથે કરવામા આવ્યુ તેને વસ્તીથી દુર આવેલા બગીચામા બોલાવીને મોહમ્મદ (સ૦) સાહેબ પોતાના મિત્રો સાથે તશરીફ લઇ ગયા જો મોહમ્મદ (સ૦) સાહેબે નીકાહની ખાહીશ કરી હોત તો કદાચ જુવયનાએ તે કબુલ રાખી હોત, પરંતુ તેની પાસે હિબા કરવાની દરખાસ્ત કરવામા આવી, એટલે પૈસા ટકા આપ્યા વગર કામ લેવાનો ઇરાદો થયો ત્યારે તેણીએ સખ્ત શબ્દોમા ઉત્તર વાળ્યો કે 'શુ શાહઝાદીઓ કદી પોતાનો નફ્સ બાઝારીઓને હિબા' કરે છે?' જોવયનાના આ શબ્દો બતાવી આપે છે કે તેને એ વાતની ખબરે ન હતી કે તેણી કોને સંબોધી (ખિતાબ કરી) રહી હતી જો તેણીને એટલીએ ખબર હોત કે અરબના શાહ અને મારા ગુરૂએ મને બોલાવી છે તો તેણી મોહમ્મદ સાહેબ સંબંધી 'બાઝારી'એ શબ્દ ન કહયો હોત, એટલુ છતા એક અજાણી સ્ત્રીના એવા સખ્ત શબ્દો સાભળ્યા છતા મોહમ્મદ સાહેબે ઝબરદસ્તીથી કામ કાઢી લેવા ચાહયુ, ત્યારે તેણીએ ખુદા પાસે

ફર્યાદ કરી, જેને અરબોના મહાવરામાં 'અઉઝોબિલ્લાહે મિન્ક' કહે છે. તેણીની દિલફરેબ ખુબસુરતીના અને નમકીન ચહેરાના દર્શન કર્યાનો પછી એ બદલો વાળવામા આવ્યો કે મુસલમાનોના હકકોના ખજાનામાથી તેણી માટે પોષાક ખરીદવા માટે પૈસા ખર્ચ કરવામા આવ્યા જોકે એમા વધુ કાઇ લખ્યુ નથી, પરંતુ જુવચનાને લાવનારાઓને પણ અવષ્ય કંઇક આપવામાં આવ્યુ જ હશે

અમારી નઝદીક તો તમારા મોહમ્મદ સાહેબ કરતા તમારા પહેલા, બીજા, ત્રીજા બલકે મોઆવિયા અને યઝીદ પણ વધારે સારા છે, કારણ કે તેઓ વિષે એવી નફસ પરસ્તીની રિવાયતો તમારા પુસ્તકોમા નથી અજ્ઞાનતાના સમયે ઇસલામના ઉદય અગાઉ પણ એ લોકોએ એવા પાપો કર્યાં હોય એ તમારા પુસ્તકો પરથી જણાતુ નથી જ્યારે તમારા મોહમ્મદ સાહેબે નબુવ્વત અને રિસાલતની મહાન પદવી મેળવ્યા પછી પણ એવા પાપો કર્યાં, જેની તમે સહીહ બુખારીના આધારે ના પાડી સકો નહી એ બધુ છતા તમે તમારા ધર્મને આર્ય ધર્મ કરતા વધારે લાયક ગણો છો ચિશ્તી સાહેબ, તમારા પુસ્તકોમા જે લખ્યું છે એની સીમા ઓળગી જાઓ નહી ખાત્રીથી માનો કે તમારા ધર્મમા તેના સ્થાપકે જે જે ખરાબીઓ નાખી છે તેનો સુધારો આજ પણ થઇ સકતો નથી"

ઉપરની ટીકા ભીખારામ રામસીંગ બી એ નામના આર્યાએ કરી છે મુસલમાનો હવે તમે કહો તેમ કરીએ કહો તો ઇમામ બુખારીને મા'સુમ (જેવી રીતે કેટલાક માને છે એમ) માની તેમણે પોતાના પુસ્તકમા લખેલી ઉપલી રિવાયતને ખરી માનીએ, અને કહો તો ઇતીહાસમાથી એનુ ખંડન કરીને એને હંમેશને માટે દફનાવી સહીહ બુખારીને સહીહના નામે નહિ ઓળખિએ એવી એક નહી પણ હજારો રિવાયતો ઇસલામને કલંક લગાડનારી સ્વાર્થપુજકોએ ઘડી કાઢી છે. કેટલીક રિવાયતો તો એવી છે જે વાંચી એક સાધારણ બુધ્ધિ ધરાવનાર હસી

પડે એમા આશ્ચર્ય નહિ, પણ સૌથી આશ્ચર્યજનક તો એ વાત છે કે એ એવા પુસ્તકોમા છે જેને કેટલાક મુસલમાનો અમુક કારણોને લીધે સહીહ-વિશ્વાસપાત્ર માની-મનાવવાના પ્રયત્નો આદરે છે

એ રિવાયતો વાચી અમને જેટલુ દુખ થાય છે એ કરતા હજાર દરજ્જે વધારે સદમો અમને મુસલમાનોની ગફલત પર થાય છે કે તેઓ શા માટે એ ખરાબીઓથી ઇસલામને બચાવવાના પ્રયત્ન કરતા નથી

"ચૌદમી-સદી" ના મજકુર લખાણનો જવાબ

આ તેજ જવાબ છે કે જે લખનૌ શહેરથી સુનત વ જમાઅત તરફથી આખા હિંદુસ્તાનમા એકેમતે અનુપમ મનાયલા, શીઆઓના રદમા પ્રગટ થતા ચોપાન્યા "અન નજમ"ના દૌરે જદીદની બીજી જિલ્દના પહેલા તથા બીજા અંકમા માહે રજબ અને શાબાન ૧૩૪૨ હિજરીમા છાપી પ્રગટ કરવામા આવ્યો હતો હામીએ સુનત, માહીએ બિદઅત, હઝરત મૌલાના મૌલવી અબદુશ શકૂર સાહેબ મદ્દઝિલ્લોહુએ (ખોદાપાક તેઓની આ કોશિશને મકબૂલ ફરમાવે) તેને બીજીવાર તપાસી તેની રચનામા કંઇક ફેરફાર કરી મને આપ્યો હતો જેનો મે ગુજરાતીમા તર્જુમો કરી દીધો છે, અને તે નીચે મુજબ છે -

(૧) "**ચૌદમી સદી**"ના શીઆ એડીટર સાહેબે, આર્યસમાજીનો ઓઠો વચમા રાખી પોતાના મનમા (દાબી રાખેલો) ક્રોધ બહાર કાઢયો છે નહિ તો લખવાની છટા અને રાફઝીઓના ખાસ મહાવરાઓ જે મજકુર લખાણમા છે તે દેખાડી આપે છે કે મજકુર લખાણ કોઇ આર્યસમાજીનુ નથી બલ્કે રાફઝી ભેજામાથી પ્રવેશ કરી બહાર પડયો છે

(૨) શીઆ એડિટર સાહેબને સ્પષ્ટ રીતે જાણવુ જોઇએ કે અહલે સુનત વ જમાઅત (હઝરત ઇમામ) બુખારી (રહ)ને તો કોરે મૂકો, આબીયા (અલ) સિવાય કોઇ પણ માણસને

દીનના કામોમા ભૂલ કરવાથી બચેલા માનતા નથી. એ અકીદો કે હઝરત રસૂલે મકબૂલ (સ૦ અ૦ સ૦)ની પછી બાર જણાઓ (ઇમામો)ને આપ (સ૦ અ૦ સ૦) સરખા અને તેટલાજ દરજ્જાવાળા અને આપ (સ૦ અ૦ સ૦) જેવાજ દીનના કામોમા ભૂલ કરવાથી બચેલા અને જેવી રીતે આપ (સ૦ અ૦ સ૦)ની તાબેદારી દરેક ઉમ્મતીપર ફર્ઝ છે તેવીજરીતે મજકુર બાર (ઇમામો)માથી દરેકની તાબેદારી ફર્ઝ માનવાવાળા થઇને નબુવ્વત ખતમ થવાના શીઆઓ મુનકિર બને છે, જુઓ હમલએ હયદરી તેઓની ઘણીજ માનીતી કિતાબ અહલે સુન્નત વ જમાઅત કુર્આને શરીફ સિવાય બીજી ધાર્મિક દરેક કિતાબને પછી તે ગમે તેવી ઉચ્ચ દરજ્જાની મનાતી હોય તેને માટે એવો અકીદો રાખવો કે તેનો કુર્આને મજીદની પેઠે દરેક ફકરો માની લેવો દરેક મુસલમાનપર વાજિબ હોય, હરામ અને નાજાએઝ માને છે

(૩) શીઆ એડીટર સાહેબ જેઓ સહીહ બુખારી વિગેરે અહલે સુન્નત વ જમાઅતની હદીસની કિતાબોને ભોયમા દાટી દેવાની ઇચ્છા જાહેર કરે છે, એ તેઓના મનની દ્વેષ અગ્નિનો એક તરેહનો ભડકો છે જે તેઓના દિલોમા ભડકી રહેલો છે પણ ઇન્શાઅલ્લાહો તઆલા કેયામત સુધી તેઓની એ ઇચ્છા પુરી થશે નહી પણ જો તેઓની આ ઇચ્છા પરીપુર્ણ થાય તો તેનુ પરિણામ એ આવશે કે હઝરત અલીયે મુર્તઝા [કરમ] અને હઝરાત હસનૈન (રદી૦ અનહુમા)ની મોટાઇઓ અને વખાણો તો કોરે રહ્યા પોતે તેઓનુ ઇમાનદાર હોવુ સાબિત કરવુ પણ શીઆ પંથવાળાઓને અસંભવિત અને અશકય થઇ પડશે સુન્નત વ જમાઅતનીજ હદીસોની રિવાયતો એવી છે કે ખારજીઓના મુકાબલામા શીઆઓને માટે હથિયાર રૂપી થઇ પડે છે અને હઝરત અલી અને હસનૈન (રદી૦ અનહુમા)ને મોમિનોના સરતાજ હોવાને સૂર્ય કરતા પણ વધારે સાફરીતે દેખાડી આપે છે. નહીંતો રાફઝીઓની મઝહબી કિતાબોએ તો તેઓના દીન ધર્મની એવી હાલત કરી નાખી છે કે

કોઇ પણ રાફઝી પોતાની ધાર્મિક કિતાબોની રિવાયતો વડે એ દેખાડી કે સાબિત કરી શકતો નથી કે હઝરત અલી (કરમ) કયા પંથના હતા અને કયા ધર્મને માનનારા હતા! શીઆ હતા કે સુની હતા એ તો તે પછીની જુદી વાત છે શીઆ પંથવાળા (પોતાની કિતાબોની રિવાયતો વડે) તેઓ સાહેબોનુ મુસલમાન હોવુ પણ સાબેત કરી શકતા નથી, જેને માટે ઇન્શાઅલ્લાહો તઆલા અમે એક આખુ ચોપાન્યુ એજ મતલબપર લખી પ્રગટ કરીશુ અને તેમા શિઆઓની માતબર કિતાબોના લખાણો જ્યારે નકલ કરશુ તે વખતે તેઓની આખો ઉઘડશે કે અહલે બૈત (રદી૦ અન્હુમ)ની મોહબ્બતના ઓઠામા તે મહાન બુઝુર્ગોનુ કેવુ અપમાન કરવામા આવ્યુ છે

(૪) શીઆઓની તો એ ઇચ્છા છેજ છતા બિચારાઓ લાચાર છે (કે કોઇ પણ રીતે તેમ કરવામા ફાવતા નથી), પણ અમો અહલે સુનત વ જમાઅતે તેમ કરવા કદિ પગલા ભર્યા નથી નહિતો દુન્યામા અમારી આવી મોટી મોટી શેહેન-શાહતોની સત્તાના મુકાબલામા જો અમે તે વખતે એમ કરવા ઇચ્છતે તો આજે શીઆઓની કિતાબોની હસ્તી તો શુ પણ તેઓનુ નામ પણ કોઇ જાણતે નહી અને હમણા પણ તેઓની કિતાબોનો નાશ થાય એમ અમો અહલે સુનત વ જમાઅતની ઇચ્છા નથી કારણકે જ્યાસુધી અંધકાર હસ્તી ધરાવે નહી ત્યા-સુધી પ્રકાશની કદર કદિ થાય નહી

(૫) પેલા શીઆ એડીટર સાહેબ બુખારી શરીફની રિવા-યતથી જે ખોટો આક્ષેપ હઝરત સરવરે અંબિયા (સ૦ અ૦ સ૦)ની પાક ઝાતપર મૂકવા ચાહે છે તે એ છે કે આપ (સ૦ અ૦ સ૦) ના નિકાહ તે ઓરતની સાથે થયા ન હતા બલ્કે (ખોદાની પનાહ) આપ તેણીની સાથે નાલાયક સંબંધ રાખવા ઇચ્છતા હતા. આ આક્ષેપનો આધાર કેટલીએક નીચે લખેલી બાબતો પર છે.–
(૧) બુખારી શરીફની રિવાયતમા (આપ (સ૦ અ૦ સ૦)ની સાથે તે ઓરતના) નિકાહ થવાનુ બયાન આવ્યું નથી તેમજ

બીજી (કોઇ પણ હદીસની કિતાબની) રિવાયતમાં મજકુર નિકાહનું કંઇ પણ વર્ણન નથી જો તેણી આપ (સ૦ અ૦ સ૦)ની પરણીએત હોત તો નક્કી કોઇ પણ રિવાયતમા તેનું બયાન હોત. (૨) શહેરની બહાર ઉજડ જગ્યામા તે ઓરતને થોભાવવામાં આવી જો તેણીની સાથે લગ્ન થયા હોત તો એવી ઉજડ જગ્યામાં તેને બોલાવવાની શી જરૂર હતી (૩) આપે (સ૦ અ૦ સ૦) તેણીને કહયું કે તારી જાત મારે હવાલે કર જો તેણીની સાથે યોગ્ય લગ્ન વહેવાર થયો હોત તો "હિબા" (સોપવુ, હવાલે કરવું)નો શબ્દ બોલવાની કંઇ જરૂર હતી નહી કારણકે "હિબા" તેને કહે છે કે અપાતી ચીજના બદલામા કોઇ ચીજ લીધા વગર કોઇને કોઇ વસ્તુ દઇ દેવામા આવે હવે ત્રણે શંકાઓનુ સમાધાન તેઓના નંબર પ્રમાણે સાભળશો

(૧) મજકુર હદીસ સહીહ બુખારી શરીફના બાબુત્તલાક (તલાક દેવાના અધ્યાય)મા છે જે ઉપરથી સાફ જણાય છે કે નિકાહ (તો તેણીના આપ (સ૦ અ૦ સ૦)ની સાથે) થઇ ચુકયા હતા. નહિ તો નિકાહ થયા વગર તલાક કેવી રીતે આપી શકાય વળી ખુબી જોવા લાયક તો એ છે કે શીઆ એડીટર સાહેબની લખેલી રિવાયત પછી ત્રીજ રીવાયતમા જરા પણ અંતર વગર તેજ બુખારી શરીફના તેજ બાબની રિવાયતમા નિકાહના શબ્દ ખુલ્લી રીતે મોજુદ છે જે નીચે પ્રમાણે છે "અબ્બાસ બિન સહલ પોતાના બાપથી અને અબુ ઉસીદથી રિવાયત કરે છે કે એ બને જણાઓએ કહયુ કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ઉમૈમા બિન્તે શરાહીલ (એટલે જોનીયા)ની સાથે નિકાહ કીધા "

શીઆ એડીટર સાહેબે પોતાના કોઇ રાફઝી મુજતહિદ સાહેબના લખાણપર ભરોસો કીધો હશે અને આવી બેબુન્યાદ તોહમત કાયમ કરી દીધી કે બુખારીમા અથવા (હદીસોની કિતાબોમાની બીજી કોઇ પણ રિવાયતમા અહલે સુનત વ જમાઅતના મઝહબમા મજકુર ઓરતના (આપ (સ૦ અ૦ સ૦) ની

સાથે) નિકાહ થવાનું વર્ણન થયું નથી, અથવા તો જાણી જોઇને ખોદાપાકની મખલૂકને ધોકો દીધો. કારણકે આવી તરેહના કામો બજાવી લાવવાં ઇસ્ના અશરી પંથમા (તેમજ શીઆઓના બધા પંથોમાં) ઘણું સવાબનુ કામ (બલ્કે ઇબાદત) ગણવામા આવેલી છે. મજકુર નિકાહ થઇ જવાની બાબતમા આજસુધી કોઇએ પણ મતફેર દેખાડયો નથી બુખારી શરીફની શર્હ ફત્હુલ-બારીમા છે —

"(હદીસોના પ્રખ્યાત હાફિઝ અલ્લામા) ઇબ્ને અબ્દુલ બર્રે કહયુ કે એ બાબતપર સઘળા (મોહદ્દીસો) એકેમતે છે કે બેશક જોનીયાની સાથે નબી (સ૦ અ૦ સ૦)ના નિકાહ થયા હતા અલબત તલાક શા માટે તેણીને આપવામા આવી તે માટે મતફેર છે "

મજકુર નિકાહ જોનીયાના બાપે પોતે પઢાવી દીધા હતા અને નિકાહની મોહોર માટે પણ બધી વાતો જોનીયાના પોતે બાપ સાથે નક્કી કરવામા આવી હતી ફતહુલબારીમા એજ હદીસની શર્હમા છે —"ઇબ્ને સઅદાનની રિવાયતમા છે કે નોઅમાન બિન જૌન કદી જનાબ નબી (સ૦ અ૦ સ૦)ની જનાબમા હાજર થયા અને અરજ ગુજારી કે શુ હુ આપની સાથે અરબોમા સૌથી ખુબસૂરત સ્ત્રી જોડે નિકાહ કરી દઉ આપે (સ૦ અ૦ સ૦) મજુર રાખ્યુ ત્યારે તેઓએ જૌનીયાના લગ્ન આપની સાથે કરી દીધા"

વળી ફત્હુલબારીમા છે કે "ઇબ્ને સઅદાનની રિવાયતમા છે કે "જોનિયાની મોહોર આપે (સ૦ અ૦ સ૦) જૌનિયાના બાપ સાથે નક્કી કીધી અને જુનિયાના બાપે આપ (સ૦ અ૦ સ૦) ની જનાબમા અરજ ગુજારી હતી કે જોનિયા (પોતે) આપની પરણીએત થવાની ખાસ ઇચ્છા રાખે છે અને તેણીએજ (મારી મારફતે) પોતાના લગ્નને માટે પેગામ મોકલ્યો છે"

ફત્હુલબારી જોવાથી એ પણ માલમ પડે છે કે મજકુર નિકાહ સને ૯ હિજરાના રબીઉલ અવ્વલના માસમા થયા હતા અને મજકુર જોનિયા (ત્રીજા ખલીફા) હઝરત ઉસ્માન (રદી૦)ની

ખિલાફતના જમાનામાં મરણ પામી બીજા ખલીફા હઝરત ઉમરે (રદી૦)ની ખિલાફતના સમયમા મોહાજિર બિન અબી ઉમઇયાએ મજકુર જૈનિયા સાથે લગ્ન કીધા હઝરત ઉમર (રદી૦)ને જ્યારે ખબર પડી ત્યારે આપે તેને સજા કરવાનો હુકમ કાઢયો (કારણકે હઝરત નબી (સ૦ અ૦ સ૦)ની બીબીઓ (રદી૦)ની સાથે કોઇને પણ નિકાહ કરવા કુર્આને શરીફની ખુલ્લી આયતની રૂએ હરામ છે), ત્યારે મજકુર ઓરતે કહ્યુ કે-"ઓ અમીરૂલ મોમિનીન! નબી (સ૦ અ૦ સ૦)ની પાક બીબીયોની પેઠે, નહી મારે માટે પડદો મુકરર કરવામા આવ્યો હતો, અને નહી મારી ગણત્રી ઉમ્મહાતુલ મોમિનીન (આપ (સ૦ અ૦ સ૦)ની પાક બીબીયો કે જેઓ સઘળા મુસલમાનોની માઓ થાય છે તેઓ)મા કદિ થવા પામી હતી (પણ કમનશીબે ખોદાના રસૂલ (સ૦ અ૦ સ૦ની સવાથી હુ દુર થઇ ગઇ)" મતલબ એ કે મારી સાથે માત્ર નિકાહ થયા હતા આપ (સ૦ અ૦ સ૦ની પાક બીબીઓ માટે જે હુકમો શરીઅતમા છે તે મારે માટે ચાલુ કદિ થયાજ નથી તેથી કરીને આ બીજા નિકાહ કરવા મારે માટે જાયઝ છે

(૭) આ જગ્યાનુ ઉજડ હોવુ તદન ખોટી વાત છે તે જગ્યામા બની સાએદા જેવો મોટો અરબી કબીલો વસ્તો હતો અને ઘીચ વસ્તીવાળી જગ્યા હતી ફત્હુલબારીની તેજ જિલ્દના પા૦ ૩૧૨ મા છે "અબુ ઊસૈદ કહે છે કે મે તે ઓરત (જાનિયા)ને બની સાએદામા લઇ જઇને ઉતારી ત્યારે મજકુર કબીલાની ઓરતો તેણીની પાસે આવી અને તે સઘળીઓએ તેણીને (નિકાહની) મુબારકબાદી આપી અને ત્યાથી (પોતાની) જગ્યાએ આવીને તે ઓરતોએ તેણીની ખુબસૂરતીના વખાણો કીધા"

શીઆ એડીટર સાહેબે "હિબા" શબ્દનો જે આધાર લીધો છે તેથી તેઓ કેટલા વિદ્વાન છે તેની ખુલ્લી દલીલ જણાઇ આવે છે (કારણકે) હિબાને વાસ્તે કઇ પણ જરૂરનુ નથી કે તેના બદલમા કોઇ ચીજ અપાય નહીં કોઇ વખતે હિબાના બદલમા કોઇ ચીજ આપવાની પણ હોય છે જેનુ વર્ણન ફિકેહની કિતાબોમા તેમજ કાયદાકાનુનોની અગ્રેજી કિતાબોમા પણ સ્પષ્ટ રીતે

વર્ણાયલુ છે અને જો જાણી જોઇને "હિબા"ના શબ્દ ઉપરજ તમારે વાંધો ઉઠાવવો છે તો બુખારી શરીફની રિવાયત પર વાંધો ઉઠાવવો નકામો છે "હિબા"નો શબ્દતો કુર્આને શરીફમા પણ છે "વમરઆતો મોમેનત ઇ વ વહુબત નફસહા લિન્નબીયે" (પારો ૨૨ રૂકુ ૩) એટલે જે ઇમાનવાલી સ્ત્રી પોતાની જાતને નબી (સ૦ અ૦ સ૦)ને "હિબા" કરે તે ઓરત નબી (સ૦ અ૦ સ૦)ને વાસ્તે હલાલ છે ત્રણે બાબતોનો જવાબ થઇ ગયો (ફલ હમ્દો લિલ્લાહે અલા ઝાલિક)

(૬) શીઆ એડીટર સાહેબે બુખારી શરીફની મજકુર રિવાયતથી આપ (સ૦ અ૦ સ૦) પર એક બીજો આરોપ મૂકયો છે કે આપે મજકુર ઓરતને બયતુલમાલમાથી લૂગડા દેવડાવ્યા. મતલબ એ કે પોતાના કામને માટે મુસલમાનોના બયતુલમાલ-માથી પૈસા ઉપાડયા જે આપને માટે નાજાયઝ હતુ (નઉઝો બિલ્લાહ) પણ ખુબી એ છે કે બયતુલમાલમાથી દેવડાવવાનુ બયાન નહીં એ રિવાયતમા છે નહીં બીજી કોઇ પણ રિવાયતમા એનો લગારે પતો મળી આવે છે આટલો વધારો રાફઝી એડીટર સાહેબે પોતાના ગજવામાથી ખાસ ઉમેરેલો છે

(૭) જનાબ રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦)ની શાને આલીમા તેણીએ " સૂકતે "નો શબ્દ વાપર્યો તેનુ કારણ એ કે પોતે અતિ નવમુસ્લિમ હતી અને રસૂલ કે નબીનો દરજ્જો કેવો મોટો છે અને તેથી એવા મહાન પુરુષની જનાબમા કેટલા અદબથી વાત કરવી જોઇએ તેનાથી તદન અજાણ હતી જેવી રીતે એક ખુબસુરત સ્ત્રી પોતાના ચાહનારની સાથે એકાતમા પોતાની સૌદર્યતા અને યુવાનીની ખુમારીમા હદથી વધારે મગરૂરી અને નખરા સાથે ઘણીજ બેદરકારીથી પોતાના આ નખરા અને ચટકાને પોતાના આશકને માટે મોહિણી ગણી મનમા આવે તેવી મોટાઇના શબ્દો પોતાને માટે અને મનમા આવે તેવા અઘટિત શબ્દો પોતાના આશક માટે વાપરે છે તેમ સમજી તેણીએ પોતાને માટે " મલેકા " નો શબ્દ, અને આપ (સ૦ અ૦ સ૦)ને વાસ્તે " સૂકતા "નો શબ્દ વાપર્યો તે અભાગ્યેણ

જાણતી નહોતી કે આવા બે અદબીના શબ્દો વાપર્યાનું પરિણામ મારે માટે શુ આવશે એટલે તમામ નબીયોના સરદાર (સ૦ અ૦ સ૦)ની પત્નીએત હોવાની મોટાઇ જે ખોદાપાકે પોતાની ખાસ કૃપાથી મને આપી છે તે મારાથી છીનવી લેવામા આવશે. જ્યારે કિસ્મત બગડે છે ત્યારે પરિપૂર્ણ થયલુ કામ પણ બગડી જાય છે

જનાબ નબી (સ૦ અ૦ સ૦)ની આલી જનાબમા તે ઓરતે ' અઉઝો બિલ્લાહે મિન્કા' નો ફકરો કહયો એટલે (તમારાથી હુ ખોદાની પનાહ માગુ છુ) કેટલાક લોકોએ એવી રીવાયત એ માટે કીધી છે કે હઝરત આયશા તથા હઝરત હફસા (રદી૦)એ મજકુર ફકરો તે ઓરતને એમ કહીને શીખવ્યો હતો કે આપ (સ૦ અ૦ સ૦) મજકુર ફકરાથી બહુજ ખુશ થાય છે જે બેપાયા રિવાયત છે હઝરત શેખ અબ્દુલહક મોહદિસે દેહલવી જેવા પ્રખ્યાત આલિમ પોતાની કિતાબ મદારિજુન નબુવ્વતમા લખે છે કે એ બેપાયા વાત છે

(૮) રાફઝી એડિટર સાહેબે એવા અપવિત્ર ઢંગધડા વગરના લખાણો વાળી જુઠી તોહમતોથી ભરપૂર એક કિતાબ છપાવી પ્રગટ કરવાને નાણાની મદદ કરવા પોતાની કોમથી અપીલ કીધી છે જે વાચી અમને અતિશય આનંદ થયો કે ચાલો એ બહાને તેઓને સારી કમાણી થશે અને કઇ આશ્ચર્યની વાત નથી કે. તેઓને સારી મદદ મળી પણ ગઇ હોય ખોદા કરે તેઓ તે કિતાબને જલ્દીથી બહાર પાડે કે જેથી તેઓના પથની છુપી વાતો ઉઘાડી પાડવાને અમને પણ તક મળી આવે.

(૯) "ચૌદમી સદી"ના મજકુર હુમલાના મુકાબલામાં મજકુર તહકીકી જવાબ સાથે તેઓના પથની પણ કેટલીક તે ગુઢ નાપાક વાતોને જેને આમ લોકોથી તેઓના વિદ્વાનો અધારામા રાખે છે પબ્લિકમા ઇલ્ઝામી જવાબના રૂપમા અજવાળામા અમે લાવતે અને શીઆઓની મોટી મોટી માતબર કિતાબોથી અમે દેખાડતે કે તેઓના મઅસૂમ ઇમોમા તરફ તેઓ ઝિના જેવુ અપવિત્ર કામ જાયઝ હોવાની રિવાયતો કેવા ખુલ્લા શબ્દોમા લગાડી રહયા

છે. અને ઝિના [વ્યભિચાર]ના કેવા કેવા સંવાબો તેઓએ વર્ણવ્યા છે. અને મુસલમાનોના બૈતુલમાલથી (નઉઝો બિલ્લાહ) ઇમામોએ કેટલી ચોરીઓ કરવાની રિવાયતો તે કિતાબોમાં તેઓએ એકઠી કરી રાખી છે પણ લખાણ લાબુ થઇ નહી જાય એટલા માટે આ લખાણને એટલા પરજ સમાપ્ત કરીએ છીએ ભવિષ્યમા કોઇ મોકો મળતા ઇ૦ અ૦ તઆલા તે પણ રજુ કરીશુ

શિઆઓના ચોપાનીયા "બહારે મજાલિસ"ના કેટલાક ફકરાઓ જેમાં જનાબ નબી (સ૦ અ૦ સ૦)ના સહાબિઓની તૂલના હઝરત ઇમામ હુસેન (રદી૦)ના સાથીઓની સાથે કરી હઝરત રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦)ના સહાબાઓનો કરવામા આવેલો અનાદર

ઈસ્લામના સાચ્ચા યોદ્ધાઓ.

"ઇતિહાસના પાના ઉથલાવી તપાસ કરતા માલમ પડે છે કે હઝરત ઇમામ હુસેન અ૦ ના અસહાબો જેવા ઇમાનદાર, વફાદાર, પૂર્ણઆસ્થા સાથે દ્રઢ મનવાળા હતા એવા અસહાબો કોઇ પણ પૈગમબર અથવા નબીને મળ્યાજ નથી હઝરતે આદમથી લઇ હઝરતે ખાતમ સૈયદના મહમ્મદ સ૦ સુધી તપાસતા એક પણ નબીના અસહાબો હઝરતે હુસેનના અસહાબોની સાથે સરખામણીમા પુરા ઉતરી શકતા નથી

દુન્યામાં હુસેનના અસહાબો સીવાય કોના અસહાબો એવા થઇ ગયા? કે જેને પોતાના માર્યા જવાની ખાત્રી હતી, પોતાની સ્ત્રીઓના વિધવા થઇ જવાનુ યકીન હતુ, પોતાના બાળકોના યતીમ થઇ જવાની ખાત્રી હતી, વળી પોતાના ઇમામ પેશવાએ પોતાની બૈઅત પણ ઉઠાવી લઇ આવા દુ ખમય કાર્યમા ન જીપલાવા માટે પ્રેમભાવ સાથે આગ્રહ પુર્વક સમજાવટ કરી, ચાલ્યા જવા પણ રજા આપી હતી, છતા દરેક દુ ખ અને સકટને હસતા ચહેરે સહન કરી પોતાના ઇમામ અને મૌલાનો સાથ ન

છોડતાં ત્રણ દીવસની ભુખ તરસ વેઠી મરી ફીટી દુન્યાને પોતાની ખરી આસ્તા, ખરી વફાદારી, અને ખરો પ્રેમ બતાવી આપ્યો હોય? ભલા કોઇ બતાવી શકે છે? કે ફલાણા પેગમ્બરના અસહાબો હુસેનના જેવા ઇમાનદાર વફાદાર અને પુર્ણ આસ્તા-વાળા હતા !. મુશ્કલ છે

આ ઠેકાણે જો દરેક પગમ્બર અને નબીયોના અસહાબોનો મુકાબલો ઇમામે હુસેન અ૦ ના અસહાબો સાથે કરવા બેસીએ તો આ વિષય બહુ મ્હોટો થઇ જવા ભય છે, એટલે ફકત હઝરતે ખાતેમુન નબીયીન જનાબ મહુમ્મદ સ૦ ના અસહાબો સાથે થોડી સરખામણી કરી હક ઇન્સાફ કરશુ

હઝરતે રસૂલના અસહાબોને દરેક લડાઇના વખતે જનાબે રસૂલ તરફથી ખાત્રી આપવામા આવતી હતી કે આપણી ફતેહ થશે અહીંયા હુસેન પોતાના અસહાબોને ખાત્રી સાથે ફરમાવતા હતા કે, મારી સાથે જે કોઇ આવશે તે સર્વે જરૂર માર્યા જશે હઝરતે રસૂલ ખાત્રી આપતા હતા કે આપણે ગાલીબ થશુ અને આપણને ગનીમતનો માલ તથા લોંડી ગુલામ મળશે અહીંયા હુસેન ખાત્રી આપતા કે આપણે સર્વે માર્યા જતા આપણી સ્ત્રીઓ વિધવા બની બાળકો યતીમ થઇ જશે અને તમામ માલ મીલકત જપ્ત થશે રસૂલે ખુદાનુ લશકર અન્ન પાણીથી હમેશા તૃપ્ત હતુ, જ્યારે હુસેનના લશકરમા ત્રણ દીવસ સુધી અન્ન પાણીનો દુશ્ટ કાળ હતો, હઝરતે રસુલ ભાગેડુ અસહબોને પોકારી પોકારી મદદાર્થે બોલાવતા, અહીં ફરઝંદે રસુલ પોતાના અસહાબોને મેદાનમા ન જવા માટે સંબોધીને રોકતા, છતા હુષાતુર બની મરવા માટે એક બીજાપર હરીફાઇ કરી, દીવાની જોતપર મરી ફીટતા પતંગીયાની જેમ ઇમામના નૂરપર કુરબાન થઇ જવા ઉતાવળા બનતા!!!

જંગ જંગે ઓહુદનો ખ્યાલ કરો કુફ્ફારોનો જબરદસ્ત હલ્લો થયો, હઝરતે રસુલ ઘેરાઇ ગયા જોર સાથે તલવાર, ભાલા, બરછી ચાલવા લાગી તે વખતે કેટલાક અસહાબો ભાગી

નીકળ્યા, કોઇ સપાટ મેદાનમાં હરણના પઠ્ઠાની જેમ દુમ દબાવી ભાગવા માંડયો; કોઇએ પહાડની ટેકરીયો પર ચડી જઈ જગલી બકરાઓ માફક કુદવા માંડયો. રસુલે ખુદા પોકારી પોકારી બોલાવતા રહ્યા પણ પાછળ ફરીને જુવેજ કોણ! એવોજ હાલ જગે ખદકનો અને એવીજ સ્થિતિ જગે ખૈબરની હતી કે ત્રણ ત્રણ વખત ભાગીને પાછા આવ્યા જ્યારે અસહાબોને હુસેન હલ્લો કરી જીવતા પાછા ન ફરતા પોતાના આકા પર પ્રાણ આપી જન્નતનો રસ્તો લેતા"

મોહર્રમ માસ ૧૪૪૩ મુતાબક ઓગસ્ટ ૧૯૨૪નુ "બહારે મજાલિસ" ચોપાન્યાના જિલ્દ ૫ મી નો મજકુર અક ૧લો જે બહાર પાડવામા આવ્યો છે તે ઘણાજ નાલાયક હુમલાઓથી ભર પુર છે વળી મજકુર ચોપાન્યામા અજાણ સુન્નીઓને ભટકાવવા માટે "પાના ૯ફાના "હિલાલે મોહર્રમ" વાળા મથાળાવાળા લખાણમા સુનત વ જમાઅતની કિતાબોના ખોટા નામો દઇને મોહર્રમના રોજાઓ રાખવાથી રડવા રડાવવાને, માતમ કરવાને અને તાઝિયો (તાબુત) બનાવવાને ઘણાજ મોટા સવાબનુ કામ દેખાડવામા આવ્યુ છે ખોદાપાકની ઇબાદતથી રોકવુ અને નાજાયઝ કામો કરવાનુ ઉત્તેજન આપવુ એ કોનુ કામ છે તે મુસલમાનો પોતે સમજી શકે છે એ પૂરા લખાણનો જવાબ તો ઇ અ તઆલા બીજા કોઇ ચોન્યામા કુર્આને શરીફની આયતો અને સહીહ હદીસોથી વધારે ખોલાસા સાથે આપવામા આવશે કે જેથી લોકોને સ્પષ્ટ રીતે જણાઇ જશે કે માતમ કરવો અને તાબૂતો બનાવવા ઇસ્લામી દીનમા ચોકખુ હરામ કામ ગણાયલુ છે, અને કોઇ શોકની હાલતમા રડવુ કે રડાવવુ સવાબનુ કામ નથી બલ્કે તેવે વખતે (અથવા તેવો હેવાલ સાભળીને) ધીરજ ધરવી તેમાજ દરેક તરેહના સવાબનો સમાવેશ થયલો છે અલબત ખોદા-પાકની બીકથી રડવુ સવાબનુ કામ છે દલગીરી કે આફતને વખતે આપોઆપ રડવુ આવવુ અને અશ્રુ વહેવા જુદી વાત છે અને તે જાયઝ છે પણ તેમા (શીઆઓના માનવા પ્રમાણે) સવાબ થતો નથી

"બહારે મજાલિસ"નું મજકુર હુમલાઓ ધરાવનારા લખાણનો અપ્રતિઉત્તર ૨૬

શીઆ એડિટર સાહેબને માલમ થાય કે આટલી બધી બેઇન્સાફી કરવી ઠીક નથી કબૂલ રાખીએ છીએ કે સુન્નીઓની તમે લાગણી દુખાવી અને તેમ કરતા આપે પોતાને માટે ભારે સવાબ પ્રાપ્ત કીધો પણ ખોદાને માટે એટલુ તો વિચારવુ હતું કે મજકુર બનાવો જેવી રીતે બન્યા છે તે વિરૂદ્ધ ખોટી વાત પ્રગટ કરવાથી આખી (જ્ઞાની) દુન્યા તમને શુ કહેશે

* જનાબ રસૂલુલ્લાહ (સલ)ના સાથીઓ સાથે તૂલના કરવી એક આશ્ચર્ય કારક તમાશો છે 'ચે નિસબત ખાકરા બા આલમે પાક" જમીનની સાથે આકાશની તુલના કેમ કરીને થાય હઝરત રસુલે ખોદા (સ૦ અ૦ સ૦)ના સહાબિયોએ પોતાના જાનો ઇસ્લામના કેવા સટોસટ વખતે અર્પણ કીધા છે તે શીઆઓને જોઇએ કે પોતાનીજ કિતાબોમા વળી "હમલએ હયદરી ' જેવી શીઆઓની માતબર કિતાબમા ઓહદની લડાઇનુ વર્ણન કાઢીને વાચશો (તો ચોકખો ફરક જણાશે કે) એક અન્સારી બાઇ (રદી૦) જેઓના ઘરના માણસો બાપ, ભાઇ, દીકરો, અને ધણી, મજકુર લડાઇમા સઘળા શહીદ થઇ ગયા હતા, જ્યારે તેઓ જનાબ રસુલુલ્લાહ (સ૦ અ૦ સ૦)ના આદર સત્કાર માટે [મદીના શરીફની બહાર] ગયા અને એકાએક આ બેભાન કરનારી ખબરો તેઓને મળી ત્યારે કેવી મજબુતીથી તેઓએ આપ (સ૦ અ૦ સ૦)ની જનાબમા અરજ ગુજારી કે --

ચુ બાશી સલામત તુ અય નુરે પાક
ઝે ગમહાય દીગર નદારેમ બાક
જહા આફ્રરી રા હઝારા સિપાસ
કે ઝાતે શરીફે તુરા દારેત પાસ
નકર્દ અઝ પુરાકે તો મારા હઝમ
ફિદાએ તો બિઝિફ્રત મા અઝ કરમ
ચે ગમ ગર શવદ કુશ્તા અઝમા હઝાર
કે કરદેમ જા રોઝે હૈઅત નિસાર

જે કોમની નાજુક વર્ગ એટલે સ્ત્રીઓનુ આવુ દ્રઢ ઇમાન અને ખરી નિષ્ઠા હોય તે કોમના પુરુષ વર્ગના ઇમાન અને ઇખ્લાસનો અંદાજો ખોદાપાક સિવાય બીજું કોણુ કરી શકે ?

હઝરત ઇમામ હુસેન [રદી૦]ના સાથીઓ [કે જેઓએ આ-પના હાથપર આપને કુફામા બોલાવી બૈઅત કીધી હતી તેઓ]ની બહાદુરીનો કિસ્સો વર્ણવું અજાયબી પમાડનારૂ છે, જાણે દુન્યામાં કરબલાની પ્રખ્યાત રણભુમિના બનાવોને જાણનારૂં હવે સૃષ્ટીપર કોઇ રહ્યુ જ નથી અસ્તગફિરુલ્લાહ ! શીઆઓને જોઇએ કે પોતાનીજ માતબર કિતાબો હયાતુલ કોલુબ અને જિલાઊલ ઓયુનનેજ જુએ કે જ્યારે કરબલામા પહોચ્યા પછી હઝરત ઇમામ હુસૈન (રદી૦)ને ખબર પડી કે જે ઉમેદ રાખીને અહીં આવ્યા હતા તેનાપર તો પાણી ફરી વળ્યા અને હવે તો ખિલાફત અને ઇમામત મળવાને બદલે ખુનામરકીનો મુકાબલો કરવાનો છે ત્યારે આપે પોતાના (તેજ બૈઅત કીધેલા) સાથીઓને કહ્યુ કે હુ તમને અખત્યાર આપુ છુ કે તમને ગમે તો મારી સાથે રહો અને ગમેતો પોતાને ઘેર પાછા ચાલ્યા જાઓ એ પરવાનગી સાભળ તાજ (તેવા) સઘળા સાથીઓ તરત પોતાને ઘેર પાછા ફર્યા એક જણ પણ ઉભો રહ્યો નહી

શીઆઓ ! તમે તો હઝરત ઇમામ હુસેન (રદી૦)ના સાથીઓની બહાદુરી દેખાડવા ઉભા થયા છો પણ તમારી કિતાબોમા તો પોતે હઝરત ઇમામ હુસેન (રદી૦, જેવા ઇ૦ને શેરે ખુદા ઇમામુલ અશજઇન)ની બહાદુરી પણ લખેલી નથી જુઓ. જિલાઉલ ઓયુન અને હયાતુલ કોલુબ કે જ્યારે હઝરત ઇમામ હુસેન (રદી૦)ને કુફીઓની નિષ્ઠા બદલાયલી દેખાઇ ત્યારે ત્યાથી ચાલ્યા જવાનો ઇરાદો કીધો ત્રણ દહાડા સુધી લગોલગ સવારમા કાફલો રવાના થતો પણ સાજે જ્યારે તપાસી જોતા ત્યારે જણાતું કે જયાથી રવાના થયા હતા ત્યાને ત્યાજ છીએ જયારે ત્રણ દિવસ સુધી એવોજ બનાવ બન્યો, ત્યારે લાચાર થઇ તેજ જગ્યાએ (કરબલામા) આપે પડાવ નાખ્યો એ બનાવો પોતે તમારી કિતાબોજ વર્ણવી રહેલી છે છેવટે એટલી વાત જણાવીએ છીએ કે સભ્યતા અને માણસાઇને અનુસરીને જે કંઇ લખવુ હોય ભલે તમે લખો અમારી અંજુમન તમારી બધી શંકાઓની સમાધાની કરવા હમેશ તૈયાર છે

સમાપ્ત.